Extra No. 234

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

## [PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI ] TUESDAY, JUNE 24, 2025 / ASADHA 3, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART -I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

**અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા**

**વંચાણે લીધા :-**

- અત્રેની કચેરીના હુકમ ક્રમાંકઃ પીઓએલ/જાહેરનામું/વશી/૫૩૦-૫૪૯/૨૦૨૦, તા.૨૫/૦૨/૨૦૨૦

**જાહેરનામું**

**ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ની કલમ - ૩૭(૪) અન્વયે.**

ક્રમાંકઃ એમએજી/જાહેરનામું/વશી/૭૨૭૫ થી ૭૩૦૯/૨૦૨૫.– જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, નર્મદાના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવતી કચેરીઓ જેવી કે, જિલ્લા સેવા સદન, જિલ્લા ન્યાયાલય સંકુલ, જિલ્લા પંચાયત કચેરી, સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીની કચેરી વિગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. આ સિવાયની અન્ય સરકારી કચેરીઓમાં પણ રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય છે. તાજેતર માં કેટલાક બનાવો પરથી ઉકત તમામ કચેરીની આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળી બનાવીને જાહેર જનતાની છેતરપીંડી કરી પૈસા પડાવે છે અથવા તો ગેરકાયદેસર પ્રવૃતિ કરી ઉલટી સીધી વાતો કરી જાહેર જનતાને ભોળવીને કે ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી રીતે લલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરાવી આપવાનું જણાવતા અનઅધિકૃત વચેટીયા તરીકે કામ કરવા ઈરાદો રાખતા આવા વ્યક્તિ / ઈસમો પ્રવૃત્તિ કરી રહેલ હોવાનું જણાઈ આવેલ છે.

જેથી આવા વ્યક્તિ/ ઈસમોની આ પ્રકારની પ્રવૃત્તિ પર પ્રતિબંધ મુકવા જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણય છે.

**હુકમ**

આથી હું સી. કે ઉંધાડ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૪) તથા આમુખના હુકમથી મને મળેલ સત્તાની રૂએ જિલ્લામાં આવેલ તમામ સરકારી કચેરીઓ ખાતે કોઈપણ અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી દ્વારા સદરહુ કચેરીઓમાં આવતી જાહેર જનતાને ગેરમાર્ગે દોરી પૈસા પડાવવા જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિ કરવાના ઈરાદાઓ ધરાવતી વ્યક્તીઓના ઉપરોક્ત કચેરીઓના મુખ્ય દરવાજાની આસપાસના ૧૦૦ મીટર ત્રિજ્યાના વિસ્તારમાં ઉભા રહેવા પર તેમજ સદરહુ કચેરીઓમાં પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

**અમલવારીનો સમય**

આ જાહેરનામું તા.૧૯/૦૬/૨૦૨૫ થી તા. ૧૭/૦૮/૨૦૨૫ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

**શિક્ષા**

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ - ૧૩૫ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની

કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવા માટે જે-તે સરકારી કચેરીના વડા તેમજ નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૧૮/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ બહાર પાડ્યો.

**સી.કે.ઉધાડ**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
નર્મદા - રાજપીપળા

------------------



Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.07.10 18:51:54 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara